જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૧૨/૨૦૨૧ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૩૬૧/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૭/૧૨/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૩૮	૦	૧૧૭૩૮	૧૭૮૪૮	૦	૧૭૮૪૮
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૫	૦	૧૨૫	૩૯૭	૦	૩૯૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૫૩૯૫	૧૩૩	૭૫૫૨૮	૭૬૫૦૮	૧૪૦	૭૬૬૪૮
કુલ		૯૧૯૯૧	૧૩૩	૯૨૧૨૪	૧૦૧૦૩૫	૧૪૦	૧૦૧૧૭૫

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૭	૩,૪૦,૪૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૬૨૯	૬,૨૯,૦૦૦/-

આરોપીની અટકાયતની વિગત

સેટેલાઇટ પોલીસ સ્ટેશન

શરીર સંબધી ઘણા સમયથી વણશોધાયેલ ગુન્હાનો ભેદ ઉકેલતી સેટેલાઇટ પોલીસ

સેટેલાઇટ પોલીસ સ્ટેશન પાર્ટે-એ ગુર.ન-૧૧૧૯૧૦૪૨૨૧૦૬૩૮/૨૧ ઇપીકો કલમ ૩૨૩,૩૨૪,૨૯૪(ખ) તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબનો શરીર સંબધી ગુનો વણશોધાયેલ હોય જે સબબ નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એન ડીવીજન અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સ્પેકટર શ્રી ડી.બી.મહેતા સેટેલાઇટ પોલીસ સ્ટેશનની સુચનાથી સર્વલન્સ સ્કોડના પો.સ.ઇ એ.આર.પ્રજાપતિ નાઓ તથા સ્ટાફના માણસો સાથે બનાવવાળી જગ્યાથી આરોપી ગયેલ દિશા સુધીના તમામ રૂટના આશરે ૫૦ જેટલી દુકાનો અને કોમ્પલેક્ષના સી.સી.ટી.વી કેમેરા ચેક કર્યા દરમ્યાન સદરી ગુનાના આરોપીના ઓટો રીક્ષા નંબર મળી આવેલ જેમા પોકેટ કોપ આધારે સદરી રીક્ષા નંબર આધારે આરોપીનુ નામ સરનામુ મેળવી આરોપીના ઘરે તપાસ કરતા મળી આવેલ જેને પોલીસ સ્ટેશન ખાતે લાવી નામ સરનામુ પુછપરછ કરતા પોતાનુ નામ સુનીલ મુકેશભાઇ યાદવ ઉ.વ.૧૯ રહે-ઝાલાભાઇ ભરવાડના મકાનમા ગુપ્તાનગર રાધા કિષ્ના મંદિર પાસે વાસણા અમદાવાદ શહેર નાનુ હોવાનુ જણાવેલ જેની પુછપરછ કરતા પોતે કરેલ ગુનાની કબુલાત કરતા હોય જેથી કાયદેસરની કાર્યવાહી કરવા સારૂ ત.ક.અધિ.શ્રીને સોપવામાં આવેલ છે અને ઘણા સમયથી અનડીટેક્ટ શરીર સંબધી ગુનાનો ભેદ ઉકેલી આરોપીને પકડી લાવી સેટેલાઇટ પો.સ્ટેશનના સર્વલન્સ સ્કોડ દ્વારા પ્રશંસનીય કામગીરી કરેલ છે.

પકડાયેલ આરોપી

સુનીલ મુકેશભાઇ યાદવ ઉ.વ.૧૯ રહે-ઝાલાભાઇ ભરવાડના મકાનમા ગુપ્તાનગર રાધા કિષ્ના મંદિર પાસે વાસણા અમદાવાદ શહેર

આરોપીની એમ.ઓ

પોતાની સાથે જીવલેણ હથિયાર રાખી રાહદારીઓ સાથે મારા મારી અને ઝગડો કરવો.

કામગીરી કરનાર ટીમ

પો.સ.ઇ એ.આર.પ્રજાપતિ, હે.કો જયેશકુમાર અમૂતલાલ બ.ન.૫૮૫૫ તથા પો.કો હરીસિંહ જુવાનસિંહ બ.ન.૭૪૯૪ તથા પો.કો મથુરભાઇ બાબુભાઇ બ.ન.૭૬૬૭ તથા પો.કો મહેન્દ્રસિંહ ભરતસિંહ બ.ન.૪૬૬૨ તથા લોકરક્ષક જયદિપસિંહ દિલાવરસિંહ બ.ન.૧૩૨૬૫



નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૩૬૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૯૧ કેસ કરી, ૮૯ વ્યક્તિઓને ઝડપી, ૧૪૬ લીટર દેશી દારૂ, ૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૦,૧૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૩૬૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૨૩૬૪/૨૦૨૧**

નિકોલઃ નિતાબહેન વા/ઓ મનુભાઇ જાદવ (ઉ.વ.૩૫) (રહે.રૂદ્રાક્ષ એપાર્ટમેન્ટ ડાયમંડમીલની પાછળ નિકોલ) એ તા.૨૭/૧૨/૨૦૨૧ નારોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૦૩/૨૦૨૧ થી તા.૦૩/૦૩/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન અજાણ્યા મોબાઇલ નંબર ૮૭૯૭૮૬૭૦૯૦ ના ધારકે નિતાબહેન જાદવને ફોન કરી કૌન બનેગા કરોડપતીમાંથી વાત કરતા હોવાની ઓળખ આપી નિતાબહેનને કૌન બનેગા કરોડપતીમાં પાંત્રીસ લાખની લોટરી લાગેલ છે તેમ જણાવી લોટરીનો કોડ જણાવી ફોન પે મોબાઇલ નંબર ૮૭૯૭૮૬૭૦૯૦ ના ધારકે તેમજ અન્ય બેન્કના ખાતાના ધારકે, ટેક્ષ તેમજ અલગ-અલગ ચાર્જ પેટે તેઓના અલગ-અલગ ખાતાઓમાં કુલ રૂપિયા ૯૨,૯૯૯/- ઓનલાઈન ટ્રાન્સફર કરાવી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.ડી.ઝાલા ચલાવે છે.

નારણપુરાઃ નારણપુરા સરદાર પટેલ સ્ટેડીયમ રોડ ૧૯/બી મહાદેવ નગર સોસાયટી બ્રહ્માકુમારી સામે પી.જી હાઉસ ખાતે રહેતા જય અશોકકુમાર ઠક્કર (ઉ.વ.૨૭) (મુલ વતન. સૃષ્ટી વિલા વિભાગ-૨ પાટણ મ્યુઝયમની બાજુમાં રાણકીવાવ રોડ પાટણ) એ તા.૨૭/૧૨/૨૦૨૧ નારોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૧૨/૨૦૨૧ થી તા.૨૩/૧૨/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઇલ નંબર ૯૫૮૩૬૮૮૦૨૦ ના ધારકે અને Handsfreeindia નામના ઇન્સ્ટ્રાગ્રામના યુઝર આઇ.ડી. ના ધારકે iphone 11 pro મોબાઇલ વેચવાનુ જણાવી જય ઠક્કરને મોબાઈલ લેવાનો હોઈ જય ઠક્કર પાસેથી ઓનલાઇન પે.ટી.એમ. દ્વારા રૂપિયા ૭૦,૦૦૦/- ટ્રાન્સફર કરાવી મેળવી લઇ મોબાઈલ ફોન નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.જી.જાદવ ચલાવે છે.

આનંદનગરઃ દિપકભાઇ ચત્રભુજ ઠક્કર (ઉ.વ.૩૯) (રહે.વ્રજ વિહાર-૫ ગ્લોરીયા હોટલ સામે જોધપુર સેટેલાઇટ) એ તા.૨૭/૧૨/૨૦૨૧ નારોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૭/૨૦૨૦ ના રોજ મોબાઇલ નંબર ૯૩૩૦૧૫૯૪૨૪ ના ધારકે દિપકભાઇ ઠક્કરને ફોન કરી પેટીએમ ખાતામાંથી વાત કરતા હોવાની ઓળખ આપી દિપકભાઈ ઠક્કરનુ પેટીએમ કેવાયસી અપડેટ કરાવવાનુ કહી પ્રોસેસ માટે દિપકભાઈ ઠક્કરના મોબાઈલમાં "ટીમવીવર" નામની એપ ડાઉનલોડ કરાવી દિપકભાઇ ઠક્કરના બેન્ક ખાતામાંથી અલગ-અલગ ટ્રાંજેકશન કરી કુલ રૂપિયા ૩,૩૫,૮૯૮/- મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.એસ.રોય ચલાવે છે.

<u>આત્મહત્યાઃ-</u> **<u>સમાચાર યાદી નં.૨૩૬૫/૨૦૨૧</u>**

સોલા હાઇકોર્ટઃ ભાવનાબહેન સુનીલભાઈ પાટીલ (ઉ.વ.૨૩) (રહે. પારૂલ બંગલોઝ સિલવર ઓક કોલેજ પાસે ગોતા) એ અગમ્ય કારણસર તા.૨૭/૧૨/૨૦૨૧ કલાક ૮/૫૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દોરડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કીરીટભાઇ વિઠ્ઠલભાઇ ચલાવે છે.

વાડજઃ દીપીકા વા/ઓ પ્રશાંત જશવંતસિંહ રાઠોડ (ઉ.વ.૨૮) (રહે. નંદનવન એપાર્ટમેન્ટ નવા વાડજ) એ અગમ્ય કારણસર તા.૨૭/૧૨/૨૦૨૧ કલાક ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનરશ્રી "બી" ડીવીઝન ચલાવે છે.

શહેરકોટડાઃ દામીનીબહેન વા/ઓ કુલદિપસિંગ કુશવાહ (રહે. સહકાર નગર પ્રેમનગર મેમ્કો) એ અગમ્ય કારણસર તા.૨૭/૧૨/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી સવારના ૫/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે લાકડાની વળી સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનરશ્રી "ડી" ડીવીઝન ચલાવે છે.

ગોમતીપુરઃ વિકાસ યુવરાજ વાઘ (ઉ.વ.૨૯) (રહે.નવઘડીયાની ચાલી વાડીલાલ આઈસ ફેકટરી પાસે ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૨૭/૧૨/૨૦૨૧ કલાક ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આર ચાવડા ચલાવે છે.

નારોલઃ જયંત મહેશભાઇ પરમાર (ઉ.વ.૨૫) (રહે. સ્વસ્તિક સીટી પુજા ફાર્મની બાજુમાં ભમ્મરીયા નારોલ) એ અગમ્ય કારણસર તા.૨૬/૧૨/૨૦૨૧ રાતના ૧૦/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં ચાદર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી આણંદભા આપાભા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.